# Appendix 06
# Katyāyani vow



# કુળદેવી માતાજી કાત્યાયની

**ચન્દ્રહાસીજ્જવલકરા શાર્દૂલવરવાહના ।**
**કાત્યાયની શુભંદદ્યાદ્દેવી દાનવઘાતિની ॥**

મા દુર્ગાના છઠ્ઠા સ્વરૂપનું નામ કાત્યાયની છે. તેમનું કાત્યાયની નામ પાડવા પાછળ એક કથા રહી છે. જે આ પ્રમાણે છે. કત નામે એક ખ્યાતનામ મહર્ષિ હતા. તેમના પુત્ર ઋષિ કાત્ય થયા. આ જ કાત્યના ગોત્રમાં જગપ્રસિધ્ધ મહર્ષિ કાત્યાયન ઉત્પન્ન થયા હતા. તેમણે ભગવતી પરમ્બાની ઉપાસના કરતાં કરતાં ઘણાં વર્ષો સુધી કઠિન તપ કર્યું, તેમની ઇચ્છા હતી કે, મા ભગવતી તેમના ઘેર પુત્રીના રૂપે જન્મ લે, મા ભગવતીએ તેમની આ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો હતો.

થોડો સમય પસાર થઇ ગયા પછીથી જ્યારે દૈત્ય મહિષાસુરનો ત્રાસ પૃથ્વી પર ઘણોજ વધી ગયો ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણેય દેવોએ પોત પોતાના તેજનો અંશ આપીને મહિસાસુર ના વિનાશ માટે એક દેવીને ઉત્પન્ન કર્યા. મહર્ષિ કાત્યાયને સર્વપ્રથમ તેમની પૂજા કરી. આ કારણે તેઓ કાત્યાયની કહેવાયાં.

બીજી એક એવી કથા મળે છે કે. તેઓ મહર્ષિ કાત્યાયનના ત્યાં પુત્રીરૂપે પણ ઉત્પન્ન થયાં હતાં. આસો વદ ચતુર્દશીએ જન્મ લઇ, સુદ સાતમ, આઠમ તથા નવમી સુધી (ત્રણ દિવસ) તેમણે કાત્યાયન ઋષિની પૂજા ગ્રહણ કરી દશમીએ મહિસુર નો વધ કર્યો.

મા કાત્યાયની અમોઘ ફળ આપનારાં છે. ભગવાન શ્રી કૃષ્ણને પતિરૂપે પામવા માટે વ્રજની ગોપીઓએ તેમની પૂજા કાલિન્દી-યમુના તટે કરી હતી. તેઓ વ્રજ મંડળનાં અધિષ્ઠાત્રી દેવીરૂપે પણ પ્રતિષ્ઠિત છે. તેમનું સ્વરૂપ અત્યંત ભવ્ય અને દિવ્ય છે. તેમનો વર્ણ સુવર્ણ સમાન ચમકદાર અને દેદીપ્યમાન છે. તેમને ચાર ભુજાઓ છે. માતાજીનો જમણી બાજુનો ઉપરવાળો હાથ અભય મુદ્રામાં છે તથા નિચેનો હાથ વર મુદ્રામાં ડાબી બાજુના ઉપરવાળા હાથમાં તલવાર અને નીચેવાળા હાથમાં કમળ સુશોભિત છે. તેમનું વાહન સિંહ છે. દુર્ગાપૂજાના છઠ્ઠા દિવસે તેમના સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છે. તે દિવસે સાધકનું મન 'આજ્ઞા' ચક્રમાં સ્થિત હોય છે. યોગ સાધનમાં આજ્ઞા ચક્રનું અત્યંત મહત્વપૂર્ણ સ્થાન છે. આ ચક્રમાં સ્થિત મન વાળો સાધક મા કાત્યાયનીના ચરણોમાં પોતાનું સર્વસ્વ નિવેદિન કરી દે છે. પરિપૂર્ણ આત્મદાન કરનારા આવા ભકતને સહજભાવે મા કાત્યાયનીનાં દર્શન પ્રાપ્ત થઇ જાય છે. મા કાત્યાયની ભકિત અને ઉપાસના દ્વારા મુષ્યને ઘણીજ સરળતાથી અર્થ, ધર્મ, કામ અને મોક્ષ આદિ સર્વથા નાશ પામે છે. જન્મજન્માંતરના પાપોનો નાશ કરવા માટે માની ઉપસનાથી અધિક સરળ અને સુગમ માર્ગ અન્ય કોઇ નથી તેમનો ઉપાસક નિરંતર તેમના સાનિધ્યમાં રહીને પરમપદનો અધિકારી બની જાય છે. માટે આપણે સર્વતોભાવેન માના શરણાગત થઇને તેમની પૂજા-ઉપાસના માટે તત્પર રહેવું જોઇએ.

અખિલ હિંદ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણોના ઇષ્ટદેવ રાજસ્થાન-ઉદેપુર-શ્રીનાથદ્વારા જતાં રસ્તામાં કૈલાસપુરી જે એકલિંગજી કહેવાય છે. શ્રી એકલિંગજી દાદાનું જ્યાં મંદિર છે. શ્રીનાથદ્વારા જવાના રસ્તે ડાબી બાજુએ દસ થી પંદર પગથિયાં ચઢીએ એટલે આ કાત્યાયની માતા - જે આપણાં કુળદેવી છે તેઓનું મંદિર આવેલું છે.

સંકલન :-
શ્રી જગદીશ ગિરિજાશંકર પંડ્યા
નિવૃત આચાર્ય, શ્રી સંસ્થાન હાઇસ્કુલ, ડાકોર